

હિમતનગર સહીત સાબરકાંઠા જીલ્લામાં શુક્રવારે વર્ગ-૩ ના ૩૦૮ મહેસુલી કર્મચારીઓ પડતર માંગણીઓને લઈને માસ સીએલ પર ઉતર્યા હતા અને હિમતનગરની બહુમાળી કચેરી આગળ સુત્રોચ્ચાર કર્યા હતા.

# ડીસાના શ્રીમંત ખેડૂતે દેશી ગાયોના છાણ અને ગૌમૂત્રના ઉપયોગ થકી ઓર્ગેનિક ખેતીમાં મેળવી સફળતા

ડીસા, તા. ૮

ડીસાના ખેડૂતએ કાંકરેજ અને ગીરની દેશી ગાયોનું પાલન કરી લોકોને દેશી ગાયનું પોતાના ફાર્મહાઉસ પર તબેલો બનાવી ગૌભક્તિ એજ જીવનમંત્રના ઉદેશ સાથે લોકોને દેશી ગાયોનું દુધ, જોઈને ડીસા શહેરના બુદ્ધિજીવી લોકો પણ પ્રભાવિત થઈને સ્વાસ્થ્ય માટે ફાયદાકારક દેશી ગાયનું દૂધ અને શુદ્ધ ઘી નો ભરપૂર લાભ ઉઠાવી રહ્યા છે.

માત્ર એટલુંજ નહીં પણ ખેડૂત તરીકે



ઘી અને ઘી ઉપયોગ કરવા માટેના લોકજાગૃતિની સાથે ગૌસેવાની શરૂઆત કરી છે. માત્ર એટલું જ નહી પરંતુ પોતાના ખેતરમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવાને બદલે તેઓ ગાયના ગૌમુત્ર અને છાણમાંથી બનતા સેન્દ્રીય ખાતરમાંથી ઓર્ગેનિક ખેતી તરફ પ્રયાણ કર્યું છે. ડીસાના આર.ટી.ઓ. ચાર રસ્તા નજીક રહેતા મનસુખલાલ ગેલોત વેપારી અને શ્રીમંત ખેડુત પણ છે. છેલ્લા દોઢ વર્ષથી તેઓ ૩૫ થી ૪૦ દેશી ગાયોનું પાલન કરે છે. દરેક ગાયના જુદા-જુદા નામ પણ આપી દીધા છે. કોઈનું ગોદાવરી તો કોઈનું સપના, જમના, રિદ્ધિ, સિદ્ધિ, ઝમકુ જેવા નામથી ગાયોને બોલાવામાં આવે છે. અહીંયા ઉભેલી તમામ ગીર અને કાંકરેજ જાતિની આ દેશી ગાયોને પૌષ્ટિક ખોરાક પણ આપવમાં આવે છે. મનસુખલાલ ગેલોતની ગૌભક્તિની સેવા મનસુખલાલ ગેલોત ઓર્ગેનિક ખેતીને જીવનમંત્ર બનાવી દીધો છે. પાલનપુરના ગૌભક્ત એવા પરેશભાઈ પ્રજાપતિ પણ મનસુખલાલ ગેલોતની દેશી ગાયો પ્રત્યેનો લગાવ અને ગૌસેવાની સાથે લોકો શુદ્ધ ઘી અને દુધ પીરસવાના આ સ્વદેશી અભિયાનની ભારોભાર સરાહના કરી હતી તેમજ ગૌમાતા અને શાસ્ત્રીજી મહારાજનો ફોટો આપી તેમનું સન્માન કર્યું હતું. ડીસાના આસપાસના ખેડૂતો હવે રાસાયણિક ખાતરથી દૂર રહી આ વખતે કેટલાક ખેડૂતોએ બટાકાના વાવેતરમાં દવાનો દેશી ગૌમુત્રમાંથી જીવામુર્ત દવા બનાવી ઉપયોગ કરનાર ખેડૂતોને મબલખ બટાટાનું ઉત્પાદન થયું છે ત્યારે ગૌભક્ત ગણપતલાલ ભાટીએ પણ મનસુખલાલ ગેલોતની જેમ અન્ય ખેડુતો પણ પ્રેરણા લે તેવું જણાવ્યું હતું.

# શામળાજી સુનોખ નજીક ઈકો વાનને પાછળથી ટેમ્પાએ ટક્કર મારતા એકનું મોત

શામળાજી, તા. ૮

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૪૮ પર રાજસ્થાન તરફથી ભારે વાહનો બેફામ ગતિએ હંકારી અકસ્માત સર્જી અનેક નિર્દોષ લોકોનો ભોગ લેવાની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. સુનોખ ગામ નજીક પસાર થતી ઈકો વાનને પાછળથી ટેમ્પોના ચાલકે ટક્કર મારતા ઈકો કારમાં બેઠેલા યુવકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. કારમાં સવાર અન્ય બે લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે અમદાવાદ ખસેડાયા હતા. અકસ્માતના પગલે દોડી આવેલી શામળાજી પોલીસે મૃતક યુવાનના મૃતદેહને પીએમ માટે શામળાજી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

દધાલિયા ગામના અને હિંમતનગરમાં ખાનગી કંપનીમાં નોકરી કરતા દુધાભાઇ ખેમાભાઈ વણકર (ઉં.વર્ષ-૪૨) તેમના સાળાનું હિંમતનગરમાં મોત નિપજતા અંતિમક્રિયા માટે બામણવાડ ગામે ઉપસ્થિત રહી પરત ઈકોકાર (ગાડી.નં.- જીજે.૦૯ બીબી. ૭૭૨૬)માં પરત ફરી રહ્યા હતા. સુનોખ પાટિયા નજીક પસાર થતી ઈકો કારને રાજસ્થાન તરફથી યમદૂત બની ટ્રક-ટેમ્પોએ ત્રાટકી ધડાકાભેર ટક્કર મારતા ઈકોવાન ત્રણ-ચાર વાર પલટી જતા ઈકો કારમાં બેઠેલા દુધાભાઇ ખેમાભાઈ વણકરના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે પ્રાણ પંખેરું ઉડી ગયું હતું.

# ઊંઝા વિસ્તારમાં દારૂબંધીના લીરેલીરા દેશી-વિદેશી દારૂની રેલમછેલ

ઊંઝા, તા. ૮

ગાંધીજીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ઊંઝા અને ઉનાવા પોલીસ મથકોની હદમાં દારૂબંધીની ભીતિનું ક્રુર છેદન થઈ રહ્યાની લોક ફરિયાદો ઉઠી છે. યાત્રાસ્થળ ઉનાવા ગામે સ્થાનિક પોલીસતંત્રની કથિત રેહમ નજર તળે દેશી વિદેશી દારૂની બદી વ્યાપક પ્રમાણમાં ફૂલીફાલી હોવાનું ચર્ચાય છે. ત્યારે મોડે મોડે મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાંચ અને ઉનાવા પોલીસે ખલીપરા વિસ્તારમાં બે જગ્યાએ દરોડા પાડી અંદાજે રૂપિયા એક લાખની કિંમતની મત્તાની દારૂની બાટલીઓ, મોટરકાર અને સ્કૂટર મળી કુલ ૭.૬૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઉનાવા ગામે રહેતા દારૂના ધંધાર્થી મિતેશ લેલાજી ઠાકોરે મોટરકારમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવેલ છે. તેવી હકિકતના આધારે મહેસાણા એલ.સી.બી.એ ગામમાં હાઈવે પર આવેલી ખલીપરામાં ચોક્કસ સ્થળે દરોડો પાડ્યો હતો. દરોડા સમયે એક ઠાકોરના ઘર આગળ પાણીના ખાલી હોજમાં દારૂનો જથ્થો ઉતરી રહ્યો હોઈ પોલીસે વિવિધ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની ૭૧૦ નંગ બાટલીઓ તથા એક મોટરકાર અને એક સ્કૂટર મળી કુલ સાડાસાત લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ અંગે ઉનાવા પોલીસે બુટલેગર મિતેશ ઠાકોર તથા કારચાલક વિરૂદ્ધ પ્રોહિ. એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

જ્યારે સાંજના સમયે ઉનાવા ખલીપરામાં દારૂ અંગે એક રહેણાંક મકાનમાં પોલીસે દરોડો પાડી જુદી જુદી જાતની દારૂની કુલ ૪૮ નંગ બાટલીઓ કબજે કરી હતી. આ બાબતે પોલીસે રૂપિયા ૧૦,૮૦૦નો મુદ્દામાલ કબજે કરી દારૂના ધંધાર્થી લાલાભાઈ દશરથભાઈ રાવળ વિરૂદ્ધ પ્રોહિ. એક્ટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. કહે છે કે યાત્રાધામ ઉનાવામાં પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે દેશી વિદેશી દારૂ, જુગારના અડ્ડાઓ, કેફી પદાર્થોનું વેચાણ તેમજ અન્ય સમાજ વિરોધી બદીઓ ધમધોકાર રીતે ચાલી રહી હોઈ ગ્રામજનો ભારે ત્રાસ પોકારી ઉઠ્યા છે. કહે છે કે ઉનાવા અને તેની આસપાસના વિસ્તારમાં ચાલતી અસામાજીક પ્રવૃત્તિઓ વિશે સ્થાનિક પોલીસતંત્રને સઘળી માહિતી છે. પરંતુ કહેવાતા તગડા હપ્તાઓની લાલચે કોઈ કડક પગલાં ભરાતા નથી જેથી આ વિસ્તાર નાગરિકો માટે અસલામત બની ગયો છે.



સાબરકાંઠા જીલ્લાના હિમતનગર થી વિજાપુર રોડ પર શુક્રવારે બપોરના સમયે પાણપુર ચાર રસ્તે ટ્રક,જીપ અને મોપેડ વચ્ચે ટ્રીપલ અકસ્માત સર્જાયો હતો જેમાં મોપેડ ચાલક વડાલીના હેમાંગી વિજયભાઈ ભાનુશાલી -ઉવ-૨૪નું મૃત્યુ થયું હતું જયારે ભૂમિ વિજયભાઈ ભાનુશાલી-ઉવ-૨૨ને શરીરે ગંભીર ઈજા થતા સારવાર અર્થે હિમતનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જોકે અકસ્માતને લઈને ટોળાઓ ઉમટી પડ્યા હતા અને અકસ્માતના રોષને લઈને પોલીસ પર પથ્થર મારો કર્યો હતો જેને લઈને પોલીસ કાફલો આવી પહોચી સ્થિતિ પર કાબુ મેળવ્યો હતો.

# અરવલ્લી જિલ્લા હોમગાર્ડ કમાન્ડરની નિમણૂક કરાઈ

અરવલ્લી જિલ્લામાં હોમગાર્ડ કમાન્ડરઝ છેલ્લા પંદર વર્ષથી ખાલી જગ્યા પર તાલુકા કમાન્ડર તરીકે



ખુબજ નિષ્ઠા અને પ્રામાણિકતા પૂર્વક પ્રસંશનીય કામગીરી રાજ્યના ગૃહ વિભાગને ધ્યાનમાં આવતા હોમગાર્ડઝ કમાન્ડર તરીકે રાજ્યના ગૃહ વિભાગ દ્વારા પટેલ દિનેશભાઇ ધુળાભાઈની નિમણૂક કરતા જિલ્લાભર અને અરવલ્લી જિલ્લા હોમગાર્ડમાં આનંદ છવાયો.

# ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ દ્વારા ઐઠોર ઔધોગિક વસાહતનું લોકાર્પણ

ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ દ્વારા ઉંઝા તાલુકામાં ઐઠોર ખાતે ઔધોગિક વસાહતના લોકાર્પણ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીના નેતૃત્વમાં ઔધોગિક ક્ષેત્રે રાષ્ટ્ર વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. રાજયમાં નાના-નાના ગામમાં ઔધોગિક વસાહતના નિર્માણથી ગ્રામ્ય રોજગારીનું નિર્માણ થયું છે. નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતુ કે ઔધોગિક વિકાસ નિગમ દ્વારા બહુમાળી શેડ, મહિલા ઔધોગિક પાર્ક, એપરલ પાર્ક સહિતના નવીન પાર્કોના નિર્માણથી ઉધોગનો વિકાસ થયો છે. ઔધોગિક નિતીના પગલે રાજ્યમાં રોજગારીનું સર્જન થયું છે. ૪૭ હેકટરમાં ઐઠોર ખાતે વસાહતના નિર્માણ થકી સૂક્ષ્મ અને લઘુ ઉધોગકારોને રાહતદરે પ્લોટ મળનાર છે.

# મોડાસામાં શ્રીમદ જેસીંગબાપા કન્યા છાત્રાલય તેમજ સત્યમ હાયર સેકન્ડરી સ્કૂલ બિલ્ડિંગનું ખાતમુહૂર્ત સંપન્ન

મોડાસા, તા. ૮

મોડાસામાં આજે વિશ્વ મહિલા દિને અખિલ આંજણા કેળવણી મંડળના ઉપક્રમે કાર્યક્રમમાં સૌના ઋણ સ્વીકાર સાથે સૌને સ્નેહસભર શબ્દોમાં આવકાર્યા હતા.

સંસ્થાના પાયાની નિવ હરિભાઈ વી.ચૌધરીએ અગાઉ જાહેર કરેલા બે લાખ ઉપરાંત આજે વધુ ૩ લાખના દાનની જાહેરાત કરતા તેમના યોગદાનને સૌએ



મોડાસામાં પૂ. નરસિંહદાદા (કાંકણોલ), પૂ. શિવુદાદા (ખેડ)ના આશીર્વચન સાથે શ્રીમદ જેસીંગબાપા કન્યા છાત્રાલય તેમજ સત્યમ હાયર સેકન્ડરી સ્કૂલ બિલ્ડિંગનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું.

ખાતમુહૂર્ત સંપન્ન થયા પછી યોજાયેલા દાતા સન્માન સમારોહના પ્રારંભે શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ અને ધારાશાસ્ત્રી ગોરધનભાઈ પટેલે ઉપસ્થિત સંતો, સમાજના શ્રેષ્ઠીઓ, દાતાઓ, ગામેગામથી ઉપસ્થિત સમાજના આગેવાનો, ભાઈઓ-બહેનોને સ્વાગત સમા અને વર્ષોથી સમાજના સેવા કાર્યમાં ઓતપ્રોત ધારાશાસ્ત્રી હીરાભાઈ એસ. પટેલે સંસ્થાનો પરિચય આપ્યો હતો અને સંસ્થાના દાતાઓ, સાથ સહયોગ આપનાર નામીઅનામી સૌ પ્રત્યે આદર, સન્માન અને આભારની લાગણીસભર વકતવ્ય આપ્યું હતું અને સમાજના સમર્થ સંપન્ન દાતાઓ હજુ પણ આ શૈક્ષણિક સંસ્થાના વધુ વિકાસ માટે આગળ આવે તેવી અપીલ પણ કરી હતી.

મુખ્યમહેમાન પદેથી બોલતાં ઓલ ઈન્ડિયા આંજણા મહાસભાના પૂર્વ પ્રમુખ શેઠ વધાવી લીધું હતું.

આ સમારોહમાં રૂ. ૩૩ લાખનું માતબર દાન આપનાર સત્યમ વિધાલયના નામકરણ દાતા ભાનુભાઈ રેવાભાઈ પટેલ (સાયરા), રૂ.૧૧,૫૧,૧૧૧ નું દાન કરનાર સદગુરુ શ્રીમદ જેશીંગબાપા કન્યા છાત્રાલયના નામકરણ દાતા મંજુલાબેન ફલજીભાઈ પટેલ (ગોધમજી)અને નેહાબેન અવધેશકુમાર પટેલ (ટીટોઇ), રૂ.૫,૧૧,૧૧૧નું દાન આપનાર પંકજભાઈ પટેલ પટેલ (ધનસુરા) સહિત ઉપસ્થિત દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

# ધાનેરા વિસ્તારમાં તસ્કરો સક્રિય, નગરજનોની ઊંઘ હરામ

ધાનેરા તાલુકા ના નેનાવા ગામે એક બાદ એક ચોરી થઈ રહી છે ત્યારે લોકો નું જીવવું પણ હરામ થઈ ગયું છે બીજી તરફ ધાનેરા પોલીસ ચોરીની ફરિયાદના બદલે માત્ર અરજીજ લેતા લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે અને અરજદારો પણ ચીમકી ઉચ્ચારી રહ્યા છે કે ધાનેરા પોલીસ કાર્યવાહી નહિ કરે તો ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરશું.

ધાનેરા પોલીસ મથક ની હદ માં આવતા નેનાવા અને ધાખા ગામે લાખો રૂપિયા ની ચોરી થયેલ હતી જે અરજદાર ધાનેરા પોલીસ મથકે ધર્મધક્કા ખાતો જોવા મળી રહ્યો છે ધાખા ગામ માં તો ચોરીના ફૂટેજ પણ સામે આવ્યા હતા પણ પોલીસ હજુ સુધી ચોરો સુધી પહોંચી નથી કે નથી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ... ધાનેરાના બોડર વિસ્તારમાં આવેલા નેનાવા ગામ માં પણ થોડાક દિવસો પહેલા બે બંધ મકાન માં ચોરી થઈ હતી એની પણ ધાનેરા પોલીસે હજુ સુધી ફરિયાદ લીધી નથી જૈન પરિવાર ના મકાન માંથી એક લાખ ની કેસ સાથે દોઠ લાખના દાગીનાની ચોરી કરીને ચોર ભાગી જવામાં સફળ થયા છે છતાં પણ પોલીસ ની પકડ થી ચોરો દૂર છે..ત્યારે હવે તમે પણ સાંભળો અરજદાર શું કહે છે.



નેનાવા ગામના લોકોએ જણાવ્યું હતું કે છેલ્લા એક મહિના માં ૧૦ પણ વધુ જગ્યા ઉપર ચોરીઓ થઈ છે પણ પોલીસે હજુ સુધી કોઈજ કાર્યવાહી કરી નથી અરજદાર જયારે ધાનેરા પોલીસ મથક માં ફરિયાદ લખાવવા જાય છે ત્યારે પોલીસ ફરિયાદ ના બદલે માત્ર અરજીજ લઈ અરજદાર ને ઘરે પરત મૂકી દે છે અને તાપસ ચાલુ છે ની બડાશ મારે છે ત્યારે હવે અરજદારો માં પણ ભારે નારાજગી જોવા મળી રહી છે અને અરજદારો ચીમકી ઉચ્ચારી રહ્યા છે કે ધાનેરા પોલીસ કાર્યવાહી નહિ કરે તો અમે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરશું ધાનેરા પોલીસ હંમેશા સઘન સુરક્ષા ના દાવા કરતી હોય છે પણ એક જ મહિના માં ધાનેરા તાલુકા માં બાર કરતા વધુ ચોરીઓ થતા પોલીસ ના પગ નીચે થી જમીન સરકી ગઈ છે નેનાવા ગામ ના લોકો ની વાત કરીએ તો પોલીસ પર સીધો આક્ષેપ કર્યો છે કે પોલીસ માત્ર ને માત્ર કાર્યવાહી માં આંટા જ મારે છે હજુ સુધી કોઈ નક્કર પગલાં લીધા નથી પોલીસે એફ આઈ આર પણ ન લેતા અનેક શંકા ઉત્પન્ન થઈ રહી છે પોલીસ પ્રજા ના રક્ષણ માટે હોય છે અને એજ પ્રજા થી દુર ભાગે અથવા ભેદી મોંન ધારણ કરતા પ્રજાની હાલત કફોડી બની જવા પામી છે.

# મેઘરજના પાલ્લા ગામેં જીવંત વીજ તાર કન્ટેનરમાં ફસાતા અફડાતફડી

મેઘરજ, તા. ૮

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના પાલ્લા ગામમાં રોડ પરથી પસાર થતા યુજીવીસીએલના જીવંત વીજ તાર કન્ટેનરમાં ફસાઈ જતા વીજ પોલ ધરાશાયી થયો હતો. યુજીવીસીએલના સબ સ્ટેશન કન્ટેનર મારફતે મોટી ડીપી લઈ જતા સમયે તાર ફસાતા જતા વિજપોલ ધરાશાયી થયો હતો. વિજતાર તૂટતા ટ્રક ચાલક સહિત અન્ય વાહન ચાલકોનો આબાદ બચાવ થયો હતો. બનાવની જાણ વીજ વિભાગને કરતા તાત્કાલિક વીજ પ્રવાહ બંધ કરાવી કર્મચારીઓ બનાવ સ્થળે આવી પહોંચ્યા હતા અને તૂટેલ તાર હટાવ્યા હટાવી દીધા હતા. મેઘરજ વાઘપુર રોડ પરથી પસાર થતા નાના મોટા વાહનોની લાંબી કતારોથી ટ્રાફિક જામ પણ સર્જાયો હતો. વીજ ડીપી લઈ જતા ટ્રક ડ્રાયવરની હોશિયારીથી મોટી જાન હાનિ ટળી હતી.

# ભિલોડા તાલુકાના વાંકાનેર ગામમાં સ્મશાનમાં ભજન કિર્તનનો કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર ગામમાં મહા શિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે વાંકાનેર ગામ પાસે આવેલ ડુંગરની તળેટી નજીક ઝાંઝરી વિસ્તારમાં અતિ પ્રાચિન પૌરાણિક વાવ પાસે શિવજીના મંદિરમાં ભાવિક ભક્તોએ પુજા અર્ચના કર્યા બાદ મહા પ્રસાદી અને ફરાળનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી.




બંદીવાનોમાં શ્રેષ્ઠ અને શુદ્ધ વિચારોની આપ-લે કરવા માટે હિમતનગરની સબજેલમાં સાત દિવસ માટે આચાર્ય ભાવિન લાલજી મહારાજના સાનિધ્યમાં શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે,

# ભિલોડામાં જાહેરમાં ઝઘડતા ત્રણ લબરમુછિયાને પોલીસે મેથીપાક આપ્યો

ભિલોડા, તા. ૮

અરવલ્લી જીલ્લામાં ખાખીનો ખોફ ઓસરી રહ્યો છે. ક્યારેક ખાખીમાં ફરજ બજાવતા લોકો કાયદો હાથમાં કચડી લોકો પર હુમલો કરે છે તો ક્યારેક અસામાજિક તત્વો પોલીસતંત્રના કર્મચારીઓ પર હુમલો કરતા અચકાતા નથી. ભિલોડા પંથકમાં કેટલાક સમયથી બાઈકર્સ ગેંગ અને આવારા તત્વોએ માજા મૂકી છે. ભિલોડા બજારમાં તો કેટલાક લુખ્ખા તત્વોનો ભય એટલી હદે વ્યાપેલો છે કે તેમની હાજરીથી વેપારીઓ ફફડી ઉઠે છે. શિવરાત્રીના સાંજના સુમારે ભિલોડા બસ સ્ટેન્ડ નજીક દુકાન પાસે કેટલાક શખ્સો ઝગડો કરી રહ્યા હતા. આ સમયે પોલીસ પહોંચતા ત્રણ શખ્સોએ પોલીસના કર્મચારીઓ સાથે માથાકૂટ કરી મારામારી પર ઉતારી આવતા પોલીસ કર્મચારીઓ પણ બોખલાઈ ગયા હતા અને છુટ્ટા પથ્થરોના ઘા કરતા એક કોન્સ્ટેબલના માથાના ભાગે અને બીજા કોન્સ્ટેબલને પગે ઈજા પહોંચતા દવાખાને સારવાર લેવી પડી હતી. ભિલોડા પોલીસે ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધી ત્રણે લાંબરમૂછિયા યુવાનોની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.



ભિલોડા બસસ્ટેન્ડ નજીક ગંભીરપુરાનો કાળુભાઈ ગનાભાઈ ક્લાસવા અને રાજસ્થાનના લાલો અને નરેશ નામના શખ્સો હેર સલુનની દુકાન નજીક ઝઘડો કરી તમાશો કરતા દુકાનદારો અને આજુબાજુના લોકો એકઠા થતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી ઝઘડો કરતા આરોપીઓને રોકવા જતા ત્રણે શખ્સોએ મગજ પરનો કાબુ ગુમાવતા ઉશ્કેરાઈ જઈ પોલીસ કર્મચારીઓ સામે બિભસ્ત ગાળાગાળી કરી મારામારી પર ઉતરી આવી નજીક પડેલા પથ્થરો છુટ્ટા ફેંકતા મનીષકુમાર બાબુલાલ નામના કર્મીને માથાના ભાગે અને કલ્પેશભાઈ નેમાભાઈ નામના કોન્સ્ટેબલને પગે ઈજાઓ કરી ત્રણે શખ્સો નાસી છૂટતા ભિલોડા પોલીસે ૩ શખ્સો સામે પોલીસની ફરજમાં રુકાવટ કરવા બદલ સહીત ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી કાળુભાઈ ગનાભાઈ કલાસવા (ઉ.વ.૨૨) રહે.ગભીરપુરા તા. ભિલોડા, નરેશ કનૈયાલાલ અસારી (ઉ.વ.૨૩) મેવાડા તા.વીંછીવડા (રાજ), સાહિલ ઉર્ફે લાલી ઈશ્વરભાઈ અસારી (ઉ.વ.૧૯) મેવાડા તા. વીંછીવડા (રાજ) નામના ત્રણે આરોપીઓની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.